# ગાંધીનગર શહેરની માધ્યમિક શાળાઓના ધોરણ ૯ના વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષાની ક્ષમતાનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

મેઘા ત્રિવેદી
એસોસિયેટ પ્રોફેસર,
ચૌધરી એમ.એડ્. કોલેજ ગાંધીનગર

## ૧. પ્રસ્તાવના

માતૃભાષા એ વ્યક્તિને સહજ સિદ્ધ છે. સામાન્ય રીતે વ્યક્તિ તેને સહજતાથી અને સરળતાથી શીખી લે છે અને તેમાં ક્ષમતાઓ પ્રાપ્ત કરે છે. માતૃભાષાની સાથે અન્ય ભાષા પણ વ્યક્તિએ શીખવાની થાય છે. આજે જ્યારે ટેકનોલોજીનો વિકાસ દરેક ક્ષેત્રમાં વ્યાપ્ત છે ત્યારે અંગ્રેજીભાષા દરેક ક્ષેત્રમાં મહત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીએ શાળા કક્ષાએ જ અંગ્રેજીભાષા સારી રીતે શીખી લીધી હોય તો તે ભવિષ્યમાં તેના પર પ્રભુત્વ મેળવી શકે છે. માટે પ્રસ્તુત સંશોધનમાં અંગ્રેજીભાષાની ક્ષમતા માટેનો આ અભ્યાસ કરેલ છે.

## ૨. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત અભ્યાસનું મહત્વ નીચે મુજબ છે.

- અંગ્રેજીભાષા શિક્ષણનાં શૈક્ષણિક જીવનની શરૂઆતમાં જ બાળકને યોગ્ય ન્યાય આપી શકાય.
- વિદ્યાર્થીઓ પાસે અંગ્રેજી વિષયની કેટલી ક્ષમતા છે તે જાણી શકાશે.
- કસોટીના પરિણામથી જાણવા મળતી વિદ્યાર્થીઓની ક્ષમતાને આધારે નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય હાથ ધરી શકાય.
- માધ્યમિક શાળાઓના ધોરણ 9 ના વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષાની ક્ષમતાની કક્ષાઓ નક્કી કરી શકાય.

## ૩. હેતુઓ

**પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.**

- માધ્યમિક શાળાઓના ધોરણ 9ના વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષાની ક્ષમતાની કક્ષાઓ નક્કી કરવી.
- માધ્યમિક શાળાઓના ધોરણ 9ના વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષાની ક્ષમતાની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- માધ્યમિક શાળાઓના ધોરણ 9ના વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષાની ક્ષમતાની સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૪. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં સંશોધનની ઉત્કલ્પનાઓ નીચે મુજબ હતી.

**$Ho_1$** છોકરાઓ અને છોકરીઓનાં અંગ્રેજીભાષા ક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_2$** નિમ્ન સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓનાં અંગ્રેજીભાષા ક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_3$** ઉચ્ચ સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓનાં અંગ્રેજીભાષા ક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**Ho4** મધ્યમ સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓનાં અંગ્રેજીભાષા ક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**Ho5** નિમ્ન સિદ્ધિ ધરાવતા અને ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓનાં અંગ્રેજીભાષા ક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**Ho6** નિમ્ન સિદ્ધિ ધરાવતા અને મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓનાં અંગ્રેજીભાષા ક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**Ho7** ઉચ્ચ સિદ્ધિ ધરાવતા અને મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓનાં અંગ્રેજીભાષા ક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૫. સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ગુજરાતી માધ્યમની ગાંધીનગર શહેરની માધ્યમિક શાળાઓનાં ધોરણ 9ના વિદ્યાર્થીઓની અંગ્રેજીભાષા ક્ષમતાનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ કરેલ છે. માહિતી એકત્ર કરવા માટે સ્તરીકૃત યાદૃચ્છિક પદ્ધતિએ નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

## ૬. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં ગાંધીનગર શહેરની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓનાં ધોરણ 9ના વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવેલ છે.

## ૭. નમૂનાની પસંદગી

સંશોધકે પ્રસ્તુત અભ્યાસ માટે ગાંધીનગર શહેરનાં પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર એવા બે સ્તર પાડી, તેમાંથી શાળાઓને યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવી હતી. પ્રત્યેક શાળામાંથી ધોરણ 9 ના બધાજ વિદ્યાર્થીઓને ઝૂમખા પદ્ધતિથી નમૂના માટે પસંદ કરવામાં આવ્યા હતાં. શાળાની પસંદગી સ્તરીકૃત યાદૃચ્છિક રીતે અને વિદ્યાર્થીઓની પસંદગી ઝૂમખા પદ્ધતિ દ્વારા કરવામાં આવી હતી.

## ૮. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે ડો. સોનલ ગુર્જર રચિત ભાષા ક્ષમતા કસોટીનો ઉપયોગ કર્યો હતો. આ કસોટીમાં 80 કલમો છે. આ કસોટીની વિશ્વસનીયતા 0.01 અને યથાર્થતા 0.71 છે.

## ૯. માહિતીનું એકત્રીકરણ

સંશોધકે વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નપત્ર તથા ઉત્તરપત્ર આપી માહિતી એકત્ર કરી હતી. તે દ્વારા મેળવેલ પ્રાપ્તાંકોનાં આધારે આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું હતું. આ આવૃત્તિ વિતરણ પરથી સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરી તફાવતની સાર્થકતા અને t મૂલ્ય શોધીને તેનું અર્થઘટન કરવામાં આવ્યું હતું.

## ૧૦. તારણો

સંશોધકને અંગ્રેજી ભાષા ક્ષમતા અંગેની પ્રશ્નાવલિ પર પ્રતિચાર લઈ પ્રાપ્ત થયેલ માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનનાં આધારે પ્રસ્તુત સંશોધન માટે નીચે મુજબ તારણો મળ્યાં હતાં.

- ધોરણ 9 ના વિદ્યાર્થીઓ પૈકી 24.81 ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં ઉચ્ચ ભાષા ક્ષમતા ધરાવે છે, જ્યારે 49.61 ટકા વિદ્યાર્થીઓ મધ્યમ અને 25.58 ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં નિમ્ન શક્તિ ધરાવે છે.
- ધોરણ 9ના વિદ્યાર્થીઓમાં છોકરાઓ અને છોકરીઓ અંગ્રેજીભાષામાં સરખી ક્ષમતા ધરાવે છે.

- ધોરણ 9ના નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી 68.89 ટકા છોકરાઓ અંગ્રેજી ભાષામાં ઉચ્ચ ભાષા ક્ષમતા ધરાવે છે, જ્યારે 22.22 ટકા છોકરાઓ મધ્યમ અને 8.89 ટકા છોકરાઓ અંગ્રેજી ભાષામાં નિમ્ન શક્તિ ધરાવે છે.
- ધોરણ 9ના નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી 66.67 ટકા છોકરીઓ અંગ્રેજી ભાષામાં ઉચ્ચ ભાષા ક્ષમતા ધરાવે છે, જ્યારે 30.00 ટકા છોકરીઓ મધ્યમ અને 3.33 ટકા છોકરીઓ અંગ્રેજી ભાષામાં નિમ્ન શક્તિ ધરાવે છે.
- ધોરણ 9ના નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં છોકરાઓ અને છોકરીઓ અંગ્રેજી ભાષામાં સરખી ક્ષમતા ધરાવે છે.
- ધોરણ 9ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી 3.63 ટકા છોકરાઓ અંગ્રેજી ભાષામાં ઉચ્ચ ભાષા ક્ષમતા ધરાવે છે, જ્યારે 61.82 ટકા છોકરાઓ મધ્યમ અને 34.55 ટકા છોકરાઓ અંગ્રેજી ભાષામાં નિમ્ન શક્તિ ધરાવે છે.
- ધોરણ 9ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી 10.42 ટકા છોકરીઓ અંગ્રેજી ભાષામાં ઉચ્ચ ભાષા ક્ષમતા ધરાવે છે, જ્યારે 56.25 ટકા છોકરીઓ મધ્યમ અને 33.33 ટકા છોકરીઓ અંગ્રેજી ભાષામાં નિમ્ન શક્તિ ધરાવે છે.
- ધોરણ 9ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં છોકરાઓ અને છોકરીઓ અંગ્રેજી ભાષામાં સરખી ક્ષમતા ધરાવે છે.
- ધોરણ 9ના મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી 68.00 ટકા છોકરાઓ અંગ્રેજી ભાષામાં ઉચ્ચ ભાષા ક્ષમતા ધરાવે છે, જ્યારે 25.33 ટકા છોકરાઓ મધ્યમ અને 6.67 ટકા છોકરાઓ અંગ્રેજી ભાષામાં નિમ્ન શક્તિ ધરાવે છે.
- ધોરણ 9ના મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી 6.80 ટકા છોકરીઓ અંગ્રેજી ભાષામાં ઉચ્ચ ભાષા ક્ષમતા ધરાવે છે, જ્યારે 59.22 ટકા છોકરીઓ મધ્યમ અને 33.98 ટકા છોકરીઓ અંગ્રેજી ભાષામાં નિમ્ન શક્તિ ધરાવે છે.
- ધોરણ 9ના મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં છોકરાઓ અને છોકરીઓ અંગ્રેજી ભાષામાં સરખી ક્ષમતા ધરાવે છે.
- ધોરણ 9ના નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં ઉચ્ચ સિદ્ધ ધરાવતા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં ઉંચી ક્ષમતા ધરાવે છે.
- ધોરણ 9ના મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ, નિમ્ન સિદ્ધ ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં અંગ્રેજી ભાષામાં ઉંચી ઊંચી ક્ષમતા ધરાવે છે.
- ધોરણ 9ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા મધ્યમ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં સરખી ક્ષમતા ધરાવે છે.

## ૧૧. ઉપસંહાર

પ્રસ્તુત સંશોધન અંગ્રેજીભાષા ક્ષમતા અને બાળકોમાં રહેલી શક્તિ જાણવાનો એક વધુ પ્રયાસ છે. વિદ્યાર્થીઓમાં અંગ્રેજીભાષા શિક્ષણમાં વધુ ક્ષમતા કેળવવા માટે શિક્ષકે અને શાળા કક્ષાએ વધુ પ્રયત્ન હાથ ધરવા જોઈએ. આ દિશામાં પ્રયત્ન કરવામાં આવે તો વિદ્યાર્થીઓને અંગ્રેજીભાષાની ક્ષમતા તેને ભવિષ્ય માટે ખૂબ ઉપયોગી થઈ શકે છે.

## સંદર્ભ સાહિત્ય

1. આચાર્ય, મહિની (2008). "શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર "(પ્રથમ આવૃત્તિ) અમદાવાદ, અક્ષર પબ્લિકેશન
2. દેસાઈ, કે.જી. અને અન્ય (1973). "સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ "(પ્રથમ આવૃત્તિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
3. પટેલ, આર. એસ. (2015) " સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર" અમદાવાદ, જય પબ્લિકેશન
4. પટેલ, આર. એસ. અને અન્ય (2009). "એમ. એડ્. લઘુશોધ નિબંધ સારાંશ " અમદાવાદ, જય પબ્લિકેશન
5. પટેલ, આર. એસ. અને અન્ય (2009). "શૈક્ષણિક સંશોધન માટે આકડાંશાસ્ત્રીય પદ્ધતિઓ "અમદાવાદ, જય પબ્લિકેશન

6. પટેલ, એ. એમ. (1989). પ્રાયોગિક અને સુષુપ્ત કાર્યોની ગુરુચાવી, વલ્લભવિદ્યાનગર.
7. શાહ, દિપીકા ભદ્રેશ (2004). શૈક્ષણિક સંશોધન (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
8. શુક્લા, એસ. એસ. (2010). " શૈક્ષણિક મનોવિજ્ઞાન " આગ્રા, અગ્રવાલ પ્રકાશન
9. શુક્લા, એસ. એસ. (2018). " સંશોધન એક પરિચય " અમદાવાદ, ક્ષિતી પબ્લિકેશન